**ચાર્ટ જોઈને ખાલી જગા પૂરો.**

(૧) સૌથી વધુ ગેરહાજર વિદ્યાર્થીઓ __________ ધોરણના છે.


(૨) સૌથી ઓછા ગેરહાજર વિદ્યાર્થીઓ __________ ધોરણના છે.

(૩) ધોરણ __________માં ૩ વિદ્યાર્થીઓ ગેરહાજર છે.


(૪) ધોરણ ૪ અને ધોરણ ૫ માં ગેરહાજર વિદ્યાર્થીઓની સંખ્યા અનુક્રમે __________ અને __________ છે.

**તમારો હાથ કેટલો લાંબો છે ?**

* ૪ મિત્રોનું જૂથ બનાવો.
* નકામા કાગળમાંથી પટ્ટીઓ કાપો. પટ્ટીઓ સમાન પહોળાઈની હોવી જોઈએ.
* દરેક વિદ્યાર્થીનો હાથ કાગળની પટ્ટીથી માપો. પટ્ટીને કાપો અને તેના પર વિદ્યાર્થીનું નામ લખો.



રોહન, જૅકોબ અને ગીતાએ પણ તેમના હાથ માપ્યાં છે. તેમણે તેમની પટ્ટીને બતાવ્યા મુજબ ચોંટાડી.




**ચિત્ર જુઓ અને ખાલી જગાઓ પૂરો :**

(૧) જૅકોબનો હાથ ગીતાના હાથ કરતાં ________ (વધુ/ઓછો) લાંબો છે.


(૨) ગીતાના હાથની લંબાઈ રોહનના હાથની લંબાઈ કરતાં ________ (વધુ / ઓછી) છે.

(૩) ________ નો હાથ સૌથી વધુ લાંબો છે.

(૪) ________ નો હાથ સૌથી ટૂંકો છે.

તમારા જૂથના તમામ મિત્રોની પટ્ટીઓને નીચે ચોંટાડો :

પટ્ટીઓ વચ્ચે જગા રાખો.




## બાળકો શાળાએ આવે છે




**ચિત્ર જુઓ અને કોઠો ભરો.**

| આવવાની રીત | ટ્રેક્ટર | | | | |
|---|---|---|---|---|---|
| બાળકોની સંખ્યા | ૩ | | | | |

૩ વિદ્યાર્થીઓ ટ્રેક્ટર દ્વારા આવે છે. આપણે કોઠામાં ૩ લખીએ. આપણે ચાર્ટમાંના ટ્રેક્ટર પર ૩ ચહેરા પણ દોરીએ. બસ, સાઈકલ વગેરેથી કેટલા વિદ્યાર્થીઓ આવે છે તે બતાવવા તેમના ચહેરા ચાર્ટમાં દોરો.






ખાલી જગા પૂરો :

(૧) સૌથી વધુ વિદ્યાર્થીઓ ____________ ઉપર શાળાએ આવે છે.

(૨) ચાલતા આવતા વિદ્યાર્થીઓની સંખ્યા સાઈકલ પર આવતાં વિદ્યાર્થીઓની સંખ્યા કરતાં ____________ (વધુ/ઓછી) છે.

(૩) ____________ દ્વારા આવતા વિદ્યાર્થીઓની સંખ્યા સૌથી ઓછી છે.


તો, શું આ સ્માર્ટ ચાર્ટ નથી ? ફક્ત તેને જોઈને આપણે ઘણુંબધું જાણી શકીએ છીએ. ચાલો આવા બીજા વધારે ચાર્ટ બનાવીએ.



**મહાવરો**

તમારી આસપાસની વસ્તુઓ વિશે તમારો પોતાનો સ્માર્ટ ચાર્ટ બનાવો.
જેવા કે,

* કયા પક્ષીને સૌથી વધારે રંગ છે ?






* એવું કયું પ્રાણી છે કે જેને પાળવું વધારે ગમે છે ?

**શાકભાજી જે તમને ગમતી નથી!**

સૌથી વધુ ન ગમતી શાકભાજી કઈ છે?

તમારા મિત્રોને પૂછો અને કોઠો પૂર્ણ કરો.


| અણગમતી શાકભાજી | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| ________ | ________ |
| ________ | ________ |
| ________ | ________ |
| ________ | ________ |
| ________ | ________ |
| ________ | ________ |



આ ચાર્ટનો ઉપયોગ કરીને નીચેના ચાર્ટમાં ચહેરા દોરો :

અણગમતી શાકભાજીના મથાળે દરેક બાળક માટે ☺ દોરો.

* સૌથી વધુ અણગમતી શાકભાજી ________ છે.
* સૌથી ઓછાં બાળકોની અણગમતી શાકભાજી ________ છે.




# ૧૪ રૂપિયા-પૈસા











* એક કાગળ લઈને તેને બરાબર વચ્ચેથી વાળો.





* બંને ખૂણાઓ 'અ' અને 'બ' ને એવી રીતે વાળો કે જેથી તે બિંદુઓવાળી રેખા પર ભેગા થાય.


* હવે કાગળ આ મુજબ દેખાશે.




* હવે કાગળના ટોચના ભાગને પાછળ તરફ આ રીતે વાળો જેથી કાગળની પાછળનો ભાગ આ રીતે દેખાય




અને આગળનો ભાગ આ મુજબ દેખાય.







* કાગળના આગળના ભાગને ઉપર રાખો અને 'ક ખ' અને 'ગ ઘ' વાળી કિનારીને એવી રીતે વાળો જેથી તે બિંદુઓ ટપકાંવાળી રેખા પર ભેગાં થાય.


તે આ મુજબ દેખાશે.



* હવે ટોચના ભાગને ટપકાંવાળી રેખા સહિત વાળો કે જેથી તેનું ચિત્ર આ મુજબ દેખાય –



* પાછળની પટ્ટીને નીચે તરફ વાળો અને તમારું પૈસાનું પાકિટ તૈયાર!





**આપણા પાકિટ માટે પૈસા**

* જુદા-જુદા સિક્કા ભેગા કરો.
* એક સિક્કાને સપાટ ટેબલ પર મૂકો. તેના પર પાતળો કાગળ મૂકો.
* એક હાથથી કાગળને મજબૂત રીતે પકડી રાખો. સિક્કાની છાપ પાડવા માટે પેન્સિલની અણીને સિક્કા પરના કાગળ પર હલકી રીતે ઘસો.
* ધીમે-ધીમે સિક્કાની છાપ કાગળ પર દેખાશે.
* સિક્કાની છાપને કાપી લો અને તમારા પાકિટમાં રાખો.



હવે કાગળને કાપીને ચલણી નોટો બનાવો અને દરેક નોટ પર તેની કિંમત લખો.



## પૈસાની રમત

★ નીચેની રકમને દર્શાવવા માટે નોટ અને સિક્કાનો ઉપયોગ કરો.
(તમે બનાવેલા પાકિટમાં કેટલાક પૈસા રાખી શકો.)

– છવ્વીસ રૂપિયા



– ૪ રૂપિયા ૫૦ પૈસા



– ૭૮ રૂપિયા

– ૧૩૦ રૂપિયા

– ૮ રૂપિયા ૫૦ પૈસા

– ૫૩ રૂપિયા

## નોટ અને સિક્કા દ્વારા દર્શાવેલી રકમ લખો.



એક સો એક રૂપિયા





______________________________




______________________________





______________________________


# ખરીદી




તમે પોતાની જાતે ખરીદી કરી શકાય તેવી દુકાન(મૉલ)ની મુલાકાત કરી શકો છો.

**(૧) મૌખિક રીતે ગણતરી કરીને કિંમત શોધો.**

* એક દડો અને એક રમકડાની કારની કિંમત
  ₹ ____________
* એક નોટબુક અને બે પેન્સિલના
  ₹ ____________
* બે કેળાં અને એક પ્યાલા દૂધના
  ₹ ____________
* એક ઢીંગલી અને એક દડાના
  ₹ ____________
* લીંબુ-શરબતનો એક પ્યાલો અને એક પડીકા બિસ્કિટના
  ₹ ____________






**(૨) કુલ કિંમત શોધો.**

* એક જિરાફ, એક નોટબુક અને એક પ્યાલા લીંબુ-શરબતની કિંમત ₹ ________ થાય.
* એક પ્યાલો દૂધ, એક પડીકું બિસ્કિટ અને એક કેળાની કિંમત ₹ ________ થાય.
* એક નોટબુક, બે પેન્સિલ અને બે રબરની કિંમત ₹ ________ થાય.
* બે ભમરડા, ત્રણ ચોકલેટ અને બે કેળાંની કિંમત ₹ ________ થાય.

**(૩) તમારી પાસે વીસ રૂપિયાની નોટ હોય, તો તમે શું-શું ખરીદી શકો?**

* રમકડાંની એક ગાડી, એક પ્યાલો લીંબુ-શરબત, એક કેળું
* ____________, ____________, ____________
* ____________, ____________, ____________
* ____________, ____________, ____________
* ____________, ____________, ____________



કૅશ મેમો

રામદુકાન

| વસ્તુ | ભાવ | રૂપિયા | પૈસા |
|---|---|---|---|
| | | | |
| | કુલ | | |

**(૪) તમે જે વસ્તુઓ ખરીદી તેનો કૅશ-મેમો તમારે બનાવવાનો છે.**
સરવાળો કર્યા પહેલાં, તમારે કેટલા રૂપિયાની જરૂર પડશે તેનું અનુમાન કરો. પછી સરવાળો કરો અને તમે કરેલા અનુમાનની ચકાસણી કરો.

મોનુએ નીચે મુજબનાં બિલ બનાવ્યાં છે :
બિલની ચકાસણી કરો અને તમને ભૂલ જણાય તો તેને સુધારો.

કેશ મેમો
રામદુકાન

| વસ્તુ | ભાવ | રૂ. | પૈસા |
|---|---|---|---|
| ૧ દડો | ૭ | ૭ | ૦૦ |
| ૩ પેન્સિલ | ૨.૫૦ | ૭ | ૫૦ |
| ૫ ચોકલેટ | | ૨ | ૫૦ |
| | કુલ | ૧૭ | ૦૦ |

કેશ મેમો
રામદુકાન

| વસ્તુ | ભાવ | રૂ. | પૈસા |
|---|---|---|---|
| ૧ રમકડાની ગાડી | | ૧૫ | ૦૦ |
| ૩ ગ્લાસ દૂધ | ૩.૫૦ | ૧૦ | ૦૦ |
| ૪ નોટબુક | ૫ | ૨૦ | ૫૦ |
| | કુલ | ૪૫ | ૦૦ |

કેશ મેમો
રામદુકાન

| વસ્તુ | ભાવ | રૂ. | પૈસા |
|---|---|---|---|
| ૧ રમકડાની ગાડી | ૬.૫૦ | ૬ | ૫૦ |
| ૩ પેન્સિલ | ૨.૫૦ | ૭ | ૫૦ |
| ૭ ચોકલેટ | .૫૦ | ૩ | ૫૦ |
| ૧ બિસ્કિટ | ૪.૫૦ | ૪ | ૫૦ |
| | કુલ | ૨૧ | ૫૦ |

* નીચેના સરવાળા કરો.

* ૧) ₹ ૧૨.૫૦ + ₹ ૧૩.૦૦ = ______

૨) ₹ ૫૫.૫૦ + ₹ ૧૪.૦૦ = ______

૩) ₹ ૩૦.૦૦ + ₹ ૩૧.૫૦ = ______

* નીચેની બાદબાકી કરો :

૧) ₹ ૨૫.૫૦ − ₹ ૧૧.૫૦ = ______

૨) ₹ ૧૦૩.૫૦ − ₹ ૬૨.૦૦ = ______

૩) ₹ ૧૯.૫૦ − ₹ ૭.૦૦ = ______

**(૫) તમારી પાસે ૩૦ રૂપિયા છે. નીચેની વસ્તુઓ ખરીદ્યા પછી તમારી પાસે કેટલા રૂપિયા વધશે?**

* એક દડો, એક ઢીંગલી અને એક જિરાફનું રમકડું
કુલ કિંમત ____________. વધેલી રકમ ____________

* બે કેળાં, એક પડીકું બિસ્કિટ અને બે પ્યાલા લીંબુનું શરબત
કુલ કિંમત ____________, વધેલી રકમ ____________






* ત્રણ નોટબુક, બે પેન્સિલ અને બે રબરની
  કુલ કિંમત ________. વધેલી રકમ ________

**મહાવરો**




(૧) ત્રણ મિત્રો એક બૅટ અને દડો ખરીદવા ઇચ્છે છે.
બીના પાસે ₹ ૪૮.૫૦ છે. રમણ પાસે ₹ ૫૫.૫૦ અને વેણું પાસે ₹ ૩૮.૦૦ છે. તેમની પાસે કુલ કેટલા રૂપિયા છે?




(૨) હરિએ ₹ ૬૨.૫૦ની રેલવે-ટિકિટ બુક કરાવી. તેણે ૧૦૦ રૂપિયાની એક નોટ આપી. તેને ટિકિટ સાથે કેટલા રૂપિયા પાછા મળશે?


(૩) ગીતા અને તેના મિત્રો ખરીદી કરવા ગયા. તેણે ₹ ૫૮, ₹ ૩૭ અને ₹ ૨૨ની વસ્તુઓ ખરીદી. ગીતા પાસે સો રૂપિયાની એક નોટ હતી. બિલની રકમ ચૂકવવા માટે તેણે તેના મિત્રો પાસેથી કેટલી રકમ ઉછીની લેવી પડશે?



૪.

**મુંબઈ સમાચાર**

**કારખાનામાંથી બાળકોને મુક્ત કરાવ્યાં.**




બંગડીના એક કારખાનામાંથી ૧૦ બાળકોને આજે મુક્ત કરાવવામાં આવ્યાં. એક પત્રકાર અને પોલીસે તેમને દુઃખી હાલતમાં જોયાં. કારખાનાવાળા તેમની પાસે સખત મજૂરી કરાવતા. તે તેમને એક દિવસના ફક્ત ₹ ૨૦ આપતા હતા.

બાળકો ગામમાં તેમના ઘેર જવાથી ખૂબ જ ખુશ છે. તેઓ ખાસ શાળામાં જશે. જેથી કરીને તેઓ તેમની ઉંમરનાં બીજાં બાળકોની જેમ ભણી શકે.

બાળકો પાસે કામ કરાવીને કારખાનું પૈસા બચાવવાનો પ્રયત્ન કરે છે. પોલીસ તેની સામે હવે કાર્યવાહી કરશે.



ચાલો આપણે જોઈએ કે, કારખાનું કેટલા પૈસા બચાવવાનો પ્રયત્ન કરી રહ્યું છે.

૧ પુખ્ત વયના માણસને રૂપિયા મળવા જોઈએ = ₹ ૮૫ પ્રતિ દિવસ

૧ બાળકને ચૂકવાતા રૂપિયા = ₹ ૨૦ પ્રતિ દિવસ

એક માણસ દીઠ કારખાનાની બચત ₹ ૮૫ – __________ = ₹ ૬૫ પ્રતિ દિવસ ૧૦ માણસ દીઠ કારખાનાને થતી બચત

₹ ૬૫ × ૧૦ = ₹ __________ પ્રતિ દિવસ.

**શોધો**

તમારા વિસ્તારમાં એવી દુકાનો અને કારખાનાં છે કે જ્યાં નાનાં બાળકોને કામ કરવાની ફરજ પાડવામાં આવે છે?

તે બાળકોમાંનાં કેટલાંક બાળકો સાથે ચર્ચા કરો. તેમને કેટલા રૂપિયા ચૂકવાય છે?

પૈસાની સમજ ફક્ત લેવડદેવડ પૂરતી જ હોય તે જરૂરી નથી. શિક્ષક તેમની સાથે સંકળાયેલા મુદ્દા પર બાળકોના અનુભવ વિશે વાત કરી શકે છે. જેમકે, મજૂરીકામ વગેરે




## રેલવેની મુસાફરી

આ રેલવે ન્યુ જલપાઈગુડીથી ગુવાહાટી જાય છે. રસ્તામાં તે ન્યુ માલ, અલીપુરદ્વાર અને ગોલપરા સ્ટેશને ઊભી રહે છે.

જુદાં-જુદાં રેલવે-સ્ટેશન સુધીની ટિકિટની કિંમત કોઠામાં આપેલી છે.

| ન્યુ જલપાઈગુડીથી અંતર (કિમીમાં) | સ્ટેશન | ભાડું (રૂપિયામાં) |
|---|---|---|
| ૫૭ | ન્યુ માલ | ૧૨.૫૦ |
| ૧૭૫ | અલીપુરદ્વાર | ૨૮.૦૦ |
| ૩૬૬ | ગોલપરા | ૪૯.૫૦ |
| ૪૯૫ | ગુવાહાટી | ૬૨.૫૦ |



**અંતર શોધો.**

(૧) ન્યુ માલથી ગુવાહાટી ________________

(૨) ન્યુ માલ અને ગોલપરા વચ્ચે ________________

(૩) અલીપુરદ્વારથી ગુવાહાટી ________________

(૪) ન્યુ માલ અને અલીપુરદ્વાર વચ્ચે ________________


(૫) ગોલપરાથી ગુવાહાટી ________________

**ટિકિટની કિંમત શોધો :**

(૧) ભૂપેન ન્યુ જલપાઈગુડીથી અલીપુરદ્વાર જાય છે. ટિકિટ-ભાડું કેટલું થશે?


(૨) ઈન્દિરાને ન્યુ જલપાઈગુડીથી ગોલપરા જવું પડે તેમ છે. તેણે ટિકિટ માટે કેટલા રૂપિયા ચૂકવવા પડશે?

(૩) ડેબુ, સીમા અને ગોવિંદ ન્યુ જલપાઈગુડીથી ન્યુ માલ જાય છે. તેમણે ત્રણ ટિકિટના કેટલા રૂપિયા ચૂકવવા પડશે? તેઓએ ₹ ૫૦ની એક નોટ ટિકિટ માટે આપી. તેઓને કેટલા રૂપિયા પાછા મળશે?




## કાપવા માટેનું પાનું


૫ - ટુકડાનો ટૅનગ્રામ (પાન ૬૬)




૭ - ટુકડાનો ટૅનગ્રામ (પાન ૬૭)




આ ટાઈલ્સને કાપો અને કાર્ડ પર ચોંટાડો. તમારે જેટલી જોઈએ તેટલી નકલ બનાવો અને ભોંયતળિયાને ઢાંકો.



તમે આ કાપી શકો છો અને રમતના રૂપિયા તરીકે ઉપયોગ કરી શકો છો.

